| | | | |
|---|---|---|---|
| આંકઃ- | **/બી** | | |
| દાખલ થયા તારીખઃ | ૦૭/૦૩/૨૦૨૪ | | |
| રજીસ્ટરે લીધા તારીખઃ | ૦૭/૦૩/૨૦૨૪ | | |
| નિકાલ થયા તારીખઃ | ૧૯/૦૬/૨૦૨૬ | | |
| **સમયગાળોઃ** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૦૨** | **૦૩** | **૧૨** |

## (નમુનો-અ)

| | | |
|---|---|---|
| **બીજી એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં, મુ.અંજાર-કચ્છ.** | | |
| (એ.એ.ખેરાદાવાલા)<br>બીજા એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ<br>મુ.અંજાર-કચ્છ | | |
| ચુકાદાની તારીખ | : | ૧૯/૦૬/૨૦૨૬ |
| ફોજદારી કેસ નં. | : | ૩૧૩/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન/ એફ.આઈ.આર.નં | : | અંજાર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૦૧૧/ ૨૦૨૪ |
| ગુન્હો | : | ઈન્ડીયન પીનલ કોડની કલમ-૨૯૪(ખ), ૪૪૭ મુજબનો. |

| | | |
|---|---|---|
| ફરીયાદી | : | ગુજરાત સરકાર |
| વિદ્વાન એ.પી.પી.શ્રી | : | એચ.એસ.ચૌધરી |
| આરોપી | : | **મયુરસિંહ ઉર્ફે મયુરધ્વજસિંહ બહાદુરસિંહ જાડેજા**<br>ઉ.વ.૫૦, ધંધોઃ ડ્રાઈવીંગ,<br>રહે. ખેડોઈ મોટી, તા.અંજાર-કચ્છ. |
| આરોપીના વિ.વ.શ્રી | : | એસ.ડી.ગઢવી |

## (નમુનો-બ)

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | : | ૦૯/૦૯/૨૦૨૩ ના કલાક ૧૪:૦૦ વાગ્યાના અરસામાં |
| ફરીયાદની તારીખ | : | ૧૫/૦૯/૨૦૨૩ ના કલાક ૧૫:૩૦ વાગ્યાના અરસામાં |
| ચાર્જશીટ ની તારીખ | : | ૦૭/૦૩/૨૦૨૪ |

| | | |
|---|---|---|
| ચાર્જફ્રેમ તારીખ | : | ૨૭/૦૬/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | : | ૧૬/૦૭/૨૦૨૪ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | : | ૧૯/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | : | ૧૯/૦૬/૨૦૨૬ |
| સજા કરી હોય તો સજા તારીખ | : | --- |

**:: આરોપીની વિગત ::**

| નં. | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડ્યા તારીખ | ગુન્હો | તકસીરવાર /નિર્દોષ | સજા | સી.આર.પી. સી. ની કલમ ૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | મયુરસિંહ ઉર્ફે મયુરધ્વજ–સિંહ બહાદુરસિંહ જાડેજા | ૩૦/૧૦ /૨૦૨૩ | – | ઈન્ડીયન પીનલ કોડની કલમ–૨૯૪(ખ), ૪૪૭ મુજબનો. | નિર્દોષ | – | – |

**<u>ફરિયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનું લીસ્ટઃ</u>**

**(એ) ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદઃ**

| અ. નં. | આંક | નામ | સાહેદના પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૦૭ | હાકમશા ગુલામશા શેખની જુબાની | પંચસાહેદ |
| ૨ | ૧૦ | મનોજકુમારસિંગ મદનમોહનસિંગની જુબાની | ફરીયાદી |
| ૩ | ૧૯ | નરેન્દ્રસિંહ અપ્રવલસિંહ રાજાવતની જુબાની | સાહેદ |
| ૪ | ૨૮ | મામદ ખમીશા કકલની જુબાની | પંચસાહેદ |
| ૫ | ૩૪ | સેંધાજી લાખાજી પરમારની જુબાની | ત.ક.અ. |

**(બી) બચાવપક્ષે તપાસવામાં આવેલ સાહેદઃ**

| આંક | નામ | સાહેદના પ્રકાર |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદઃ**

| આંક | નામ | સાહેદના પ્રકાર |
|---|---|---|
| – | – | – |

**<u>ફરિયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટપક્ષે આંક પાડવામાં આવેલ દસ્તાવેજની વિગતઃ–</u>**

**(એ) ફરિયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજઃ**

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૦૮ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૨ | ૧૧ | ફરીયાદ |

**(બી) બચાવપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજઃ**

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ પક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજઃ**

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| – | – | – |

**<u>–:: ચુકાદો ::–</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઈ તા.૦૯/૦૯/૨૦૨૩ ના કલાક ૧૪:૦૦ વાગ્યાના અરસામાં માન કંપની પાસે, ખેડોઈ રાજમાર્ગ પર, અંજાર મધ્યે આ કામના આરોપીએ આ કામના ફરીયાદીને કહેલ કે માન કંપનીના પ્લાન્ટ વચ્ચે રાજમાર્ગ છે તો અહી કેમ પી.જી.વી.સી.એલ. વાળા નવા પ્લાન્ટના કનેક્શન માટે લાઈન નાખે છે તેમ કહી કંપનીમાં અંદર ગે.કા. રીતે પ્રવેશ કરી કંપની તથા કંપનીના સ્ટાફને જાહેરમાં ગાળો બોલી ખરાબ વર્તન કરી ગુનો કરેલ છે. ઉપરોક્ત બનાવની હકીકત પોલિસ સ્ટેશને જાહેર થતાં, અંજાર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૦૧૧/૨૦૨૩ થી ઈન્ડીયન પીનલ કોડ (ટુંકમાં "ઈ.પી.કો.") ની કલમ– ૨૯૪(ખ),

૪૪૭ મુજબનો ગુનો નોંધાયેલ. ત્યારબાદ, સદર ગુનાની તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરુદ્ધ ઉપરોક્ત ગુના સબબ નુ ચાર્જશીટ ઈન્સાફી કાર્યવાહી સારૂ અત્રે ની અદાલત માં રજુ કરેલ છે.

(૨) ચાર્જશીટ રજુ થતાં ગુનાનુ કોગ્નીજન્સ લઈ આરોપી વિરુદ્ધ સમન્સ ઈશ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ. આરોપીને સમન્સની ધોરણસર ની બજવણી થતાં તેઓ અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે. આરોપી હાજર થતાં તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ (ટુંકમાં "ક્રિ. પ્રો. કોડ") ની કલમ – ૨૦૭ અન્વયે પોલિસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ, આરોપી વિરુદ્ધ આક્ષેપાયેલા ગુના સબબ, આંક–૦૪ થી તહોમતનામું ફરમાવી, આંક–૦૫ થી આરોપીની પ્લી રેકર્ડ કરતાં, આરોપીએ ગુન્હો કર્યાનો ઈન્કાર કરી કેસ આગળ ચલાવવા માંગણી કરતાં, સદરહુ કામ ફરીયાદ પક્ષના પુરાવા સારૂ મુલત્વી રાખવામાં આવેલ. ત્યારબાદ ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારૂ ઉપર કોષ્ટકમાં જણાવ્યા મુજબનો પુરાવો રજુ કરેલ છે.

(૩) ફરિયાદપક્ષ તરફે ઉપર કોષ્ટકમાં જણાવ્યા મુજબનો પુરાવો રજુ થયા બાદ સી.આર.પી.સી. ની કલમ – ૩૧૩ અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ ફરીયાદ પક્ષના તમામ પુરાવાઓ ખોટા હોવાનુ નિવેદન આપેલ છે અને વિશેષમાં એવું જણાવેલ છે કે, ''અમારા પર ખોટો કેસ કરેલ છે, અમો નિર્દોષ છીએ, નિર્દોષ ઠરાવી લોડી મુકવા અરજ છે." આરોપીએ તેમના વિશેષ નિવેદનમાં, તેઓ તરફે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવા માંગતા ન હોવાનુ નિવેદન આપતાં, સદરહુ કામ આખરી સુનાવણી સારૂ મુલત્વી રાખવામાં આવેલ હતુ.

**ફરીયાદપક્ષની દલીલ:–**

(૪) આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એચ.એસ.ચૌધરી નાઓએ રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લઈ યોગ્ય તે હુકમ કરવા અરજ કરેલ છે.

**બચાવ પક્ષની દલીલ:–**

(૫) આ કામે બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રી એસ.ડી.ગઢવી નાઓએ રજુઆત કરેલ છે કે, ફરીયાદીનો મૌખિક પુરાવો જોતાં, આ કામેની ફરીયાદ પુરવાર થયેલાનું માની શકાય નહી. ફરીયાદ પક્ષને સમર્થન કરતાં, કોઈ સ્વતંત્ર સાહોદોનો પુરાવો રજુ થયેલ નથી. પંચસાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલ હોય પંચનામું પુરવાર થયેલ નથી. આમ, ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિશંકપણે પુરવાર કરી શકેલ ન હોઈ, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૬) સદર કામે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તેમજ બંને પક્ષની રજુઆતો ધ્યાને લેતાં, આ કામના નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

(૧) શું ફરીયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા.૦૯/ ૦૯/૨૦૨૩ ના કલાક ૧૪:૦૦ વાગ્યાના અરસામાં માન કંપની પાસે, ખેડોઈ રાજમાર્ગ પર, અંજાર મધ્યે આ કામના આરોપીએ આ કામના ફરીયાદીને કહેલ કે માન કંપનીના પ્લાન્ટ વચ્ચે રાજમાર્ગ છે તો અહી કેમ પી.જી.વી.સી.એલ. વાળા નવા પ્લાન્ટના કનેક્શન માટે લાઈન નાખે છે તેમ કહી કંપનીમાં અંદર ગે.કા. રીતે પ્રવેશ કરી કંપની તથા કંપનીના સ્ટાફને જાહેરમાં ગાળો બોલી ખરાબ વર્તન કરી, ઈ.પી.કો. ની કલમ–૨૯૪(ખ), ૪૪૭ મુજબનો શિક્ષાને પાત્ર એવો ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોક્ત મુદ્દાઓના આ અદાલતના ટુંકમાં નિર્ણય નીચે મુજબ છે.

**<u>-:: નિર્ણય ::-</u>**

**મુદ્દા નં.(૧) નકારમાં.**

**મુદ્દા નં.(૨) આખરી હુકમ મુજબ.**

(૮) ઉપરોકત મુદ્દાઓના નિર્ણય પરત્વેના કારણો નીચે મુજબ છે.

**-:: કારણો ::-**

**<u>મુદ્દા નંબંર (૧) અને (૨):-</u>**

(૯) ફોજદારી ન્યાયપ્રણાલીમાં ફરીયાદપક્ષે આરોપી સામેનું તહોમત તમામ શંકાથી પર નિ:શંકપણે સાબિત કરવાનું હોય છે. આરોપી દોષિત છે તેવું પુરવાર કરવા માટે ફરીયાદપક્ષનો પુરાવો સીધો, સચોટ, સ્પષ્ટ અને વિશ્વસનીય હોવો જોઇએ. આરોપીને પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. બીજું, ન્યાયની પ્રક્રિયા અનુસરીને આરોપીને દોષિત ઠરાવવામાં ન આવે ત્યાં સુધી આરોપી નિર્દોષ જ છે, તેવુ અનુમાન કરીને જ અદાલતોએ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની હોય છે. સદર અનુમાનનું ખંડન ફરીયાદપક્ષે સીધો, સચોટ, સ્પષ્ટ અને વિશ્વસનીય પુરાવો રજૂ કરીને કરવાનું હોય છે. પોતાનો કેસ સાબિત કરવામાં ફરીયાદપક્ષ ભુલ કે ચુક કરે અને એકાદ ખુટતી કડી જોડવાની રહી જાય તો તેનો સીધો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. આવા સંજોગોમાં આરોપી દોષમુક્તિનો કે શંકાનો લાભ મેળવવા હકદાર બને છે. "પુરાવાનું મુલ્યાંકન" શબ્દ ભારતીય પુરાવા અધિનિયમમાં કોઇ પણ સ્થળે વ્યાખ્યાયિત કરવામાં આવેલો નથી પરંતુ, "પુરાવાનું મુલ્યાંકન" માત્ર ને માત્ર ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૩ માં આપવામાં આવેલ PROVE અને NOT PROVE શબ્દો ઉપર અવલંબે છે. કોઇ હકીકતનું અસ્તિત્વ સાબિત માનવું કે બિનઅસ્તિત્વ સાબિત માનવું, તે મુલ્યાંકનનો વિષય છે. આ પૃષ્ઠભૂમિકા ના સંદર્ભમાં ફરીયાદપક્ષ તરફે રજૂ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરી, ફરીયાદપક્ષ આરોપી સામેનો પોતાનો કેસ કે તહોમત નિ:શંકપણે સાબિત કે પુરવાર કરવામાં સફળ થયેલ છે કે કેમ ?, તે અંગે નિર્ણય કરવાનો રહે છે.

**(૧૦)** સદરહુ કામે ફરીયાદ પક્ષે આ કામના આરોપી ઉપર ઈ.પી. કો. કલમ–૨૯૪(ખ), ૪૪૭ મુજબનો ગુનો કરેલ હોવાનુ ત્હોમત મુકવામાં આવેલ છે. હાથ ઉપરના કેસની હકીકત ધ્યાને લઈએ તો, ફરીયાદ પક્ષે એ હકીકત નિશંકપણે પુરવાર કરવી પડે કે, આ કામના આરોપીએ ગે.કા. રીતે માન કંપની પાસે, ખેડોઈ રાજમાર્ગ પર અપપ્રવેશ કરી ફરીયાદી અને સાહેદોને જાહેરમાં ગાળો બોલી ગુનો આચરેલ છે.

**(૧૧)** મજકુર ગુનાઓ સંબંધે ફરીયાદીનો પુરાવો ધ્યાને લઈએ. ફરીયાદીએ તેમના આંક – ૧૦ ના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ ૧૨/ ૦૪/૨૦૨૩ થી માન કંપની માં આસીસ્ટન્ટ મેનેજર તરીકે નોકરી કરે છે. ગઈ તારીખ ૦૯/૦૯/૨૦૨૩ ના રોજ તેઓ કંપની માં તેમની ફરજ પર હતા ત્યારે તેમની કંપની ની બાજુ માં એક નવી કંપની બનતી હતી તેમાં પી.જિ. વિ. સિ. એલ. દ્વારા વિજ કનેકશન ની કામગીરી ચાલુ હતી તે દિવસે તેઓ જમ્યા બાદ બપોરના આશરે એક દોઢ વાગ્યે પી. જિ. વિ. સી એલ. નું કામ ચાલું હતુ તે સ્થળ પર જોવા માટે ગયેલા. થોડી વાર પછી ત્યાં એક માણસ આવેલો, અને તેણે રોડ ઉપરથી જ કહેલુ કે આ કામકાજ કોણ કરાવી રહેલું છે તેવું કહેતા તેઓ બહાર રોડ પર આવી તેને પુછેલું કે આ કામ થી તમને શું તકલીફ છે તેમ કહેતા તેણે તેનો પરિચય આપેલો કે તેઓ મયુરસિંહ જાડેજા ખેડોઈ ગામ નો રહેવાસી છે. તમે વિજ કનેક્શન ની કામગીરી કરી રહ્યા છો અને જે ખાડા ખોદેલા છે તેમાં તેમના ગામની ગાય ભેંસો આવેતો તેમનું અકસ્માત થઈ શકે તેમ છે. જેથી તેઓએ તે કહેલ કે આ કામ ગવર્નમેન્ટ ના રૂલ્સ મુજબ ગવર્નમેન્ટ જ કરાવી રહેલ છે તેઓ કરાવતા નથી. જેથી આ મયુરસિંહે કહેલ કે સમાજ ના હીસાબે આ કામ બરાબર થઈ રહેલું નથી. તો તેઓએ કહેલ કે આ કામ તેઓ કરાવી રહેલ નથી કે તેમનાથી રોકી પણ શકાય તેમ નથી, આ કામ સરકાર ના નીયમ અને તેમની ડીઝાઈન પ્રમાણે થઈ રહ્યુ છે. ત્યારબાદ મયુરસિંહે તેના ફોન થી કોઈ ઈસમને ફોન કરેલો અને તેની સાથે વાત કરી રહેલ ઈસમે કરેલ કે કંપની ના કોઈ માણસ હાજર હોય તો તેમની સાથે વાત કરાવો. જેથી તેઓએ તે ઈસમ સાથે વાત કરેલી. તેમને તે

ઈસમે કહેલ કે જે હશે તે તેઓ ઉપર જોઈ લેશે તમે હાલ કામ બંધ કરાવો. જેથી તેઓએ કોન્ટ્રાક્ટર ને કહી કામ બંધ કરાવેલ. ત્યારબાદ પી.જી. વિ.સી. એલ. ને રૂટ બદલી ને નવા પ્રોજેક્ટ મુજબ કામ કરાવેલું. તેમને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં તેમની સહી છે તે ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ આંક–૧૧ આપવામાં આવે છે. તેઓ આરોપીને જોયે ઓળખી શકે જે જુબાની વખતે ના. કોર્ટ માં હાજર નથી. તેમને મયુરસિંહ સાથે કોઇ તકરાર થયેલ નથી.

સદરહુ સાહેદ ફરીયાદ પક્ષના કેસને સંપુર્ણપણે સમર્થન કરતાં ન હોઇ, વિ. એ.પી.પી.શ્રી સદર સાહેદની ઉલટ તપાસ કરવાની તક આપવામાં આવેલ પરંતુ ત્યારબાદ પણ ફરીયાદીના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત ઉલટ તપાસ દરમ્યાન રેકર્ડ ઉપર આવેલ નથી.

ત્યારબાદ, આરોપી પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપામાં ફરીયાદીએ સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ પાંચ દિવસ મોડી છે. તેઓએ ફરીયાદમાં એવી હકીકત લખાવેલ નથી કે, ''હું બહાર રોડ પર આવી તેને પુછેલું કે આ કામથી તમને શું તકલીફ છે તેમ કહેતા તેણે તેનો પરીચય આપેલો કે હું મયુરસિંહ જાડેજા ખેડોઈ ગામનો રહેવાસી છું. તેણે વિજ કનેક્શન ની કામગીરી કરી રહ્યા છો અને જે ખાડા ખોદેલા છે તેમાં અમારા ગામની ગાય ભેંસો આવેતો તેમનું અકસ્માત થઈ શકે તેમ છે. જેથી મે તેને કહેલ કે આ કામ ગવર્નમેન્ટ ના રૂલ્સ મુજબ ગર્વનમેન્ટ જ કરાવી રહેલ છે અમે કરાવતા નથી.''

**(૧૨)** ફરીયાદીનો મજકુર પુરાવો ધ્યાને લેતાં, તેઓએ તા.૦૯–૦૯–૨૦૨૩ ના રોજ માન કંપની પાસે, ખેડોઈ રાજમાર્ગ પર બનાવ બનેલ હોવાની તેમજ આરોપી મયુરસિંહ સાથે તેઓને કોઈ તકરાર થયેલ ન હોવાની હકીકત જણાવેલ છે. આમ, ફરીયાદીના પુરાવા ઉપર થી બનાવ રાજમાર્ગ ઉપર બનેલ હોવાનુ અને આરોપીએ ફરીયાદી સાથે કોઈ તકરાર કરેલ ન હોવાનુ રેકર્ડ ઉપર આવેલ છે. જેથી ફરીયાદીના મજકુર પુરાવા ઉપરથી, હાલના આરોપીએ કોઈ બીજાની મિલકતમાં ગુનાહિત અપપ્રવેશ કરેલ હોય કે

જાહેરમાં કોઈ અશ્લીલ શબ્દો ઉચ્ચારી ગુનો કરેલ હોય તેવુ પુરવાર થતુ નથી. આમ, ફરીયાદી નો મજકુર પુરાવો, હાલના આરોપીને તેઓની ઉપર આક્ષેપવામાં આવેલ ગુનામાં તકસીરવાર ઠરાવવા પુરતો પુરાવો નથી તેમ આ અદાલતનુ માનવુ છે.

(૧૩) ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવાના ભાગરૂપે આંક – ૧૯ થી સાહેદ નરેન્દ્રસિંહ અપ્રવલસિંહ રાજાવત નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. મજકુર સાહેદે તેમના પુરાવામાં તેઓ છેલ્લા ૨૦ વર્ષ થી માન કંપની મા સેકયુરીટી ઓફીસર તરીકે નોકરી કરે છે. બનાવ ના દિવસે તેઓ મેઈન ગેટ પર હતા ત્યારે લીગલ લાઈજર્નીંગમા નોકરી કરતા દક્ષેશ ભાઈ એ તેમને કહેલ કે ચાલો આગળ કંઈક ઈશ્યુ થયેલો છે જેથી તેઓ બન્ને માન કંપનીના નવા ઈ.આર.ડબ્લયુ પ્લાન્ટ મા ગયેલા અને ત્યાં ત્રણ ઓફીસર ઉભેલા હતા અને વિજલન્સની ગાડી હતી ત્યાં આજુ બાજુ મા બધા જોઈ રહયા હતા ત્યાં જેસીબી થી કામ ચાલુ હતુ. પોલીસે તેમનું નીવેદન લીધેલું હોવાનુ જણાવેલ છે. ત્યારબાદ, આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, પ્લાન્ટની અંદર જે કાંઈપણ કામ ચાલતું હતું તે કંપનીનું કામ ચાલતું હતું. વિજલન્સની જે ગાડી હતી તે તેમની કંપનીમાં વીજ ચોરી માટે આવેલી હતી અને બાદમાં તેમની કંપની પર વિજ ચોરીનો કેસ કરેલો.

(૧૪) સદરહુ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં, તેઓએ પોતાના પુરાવામાં કોઈ બનાવ બનેલ હોવાની હકીકત જણાવેલ છે પરંતુ આંક – ૧૧ થી રજુ ફરીયાદ મુજબના બનાવ વખતે હાલના જ આરોપીએ કોઈ બીજાની મિલકતમાં ગુનાહિત અપપ્રવેશ કરેલ હોય કે જાહેરમાં કોઈ અશ્લીલ શબ્દો ઉચ્ચારી ગુનો કરેલ હોય તેવી કોઈ હકીકત તેમના પુરાવા દરમ્યાન જણાવેલ નથી. આમ, મજકુર સાહેદના પુરાવા ઉપર થી પણ, સદરહુ કામના આરોપીને ફરીયાદ મુજબના ગુનામાં સાંકળી શકાય તેવો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી સાહેદ નો મજકુર પુરાવો, હાલના આરોપીને તેઓની ઉપર

આક્ષેપવામાં આવેલ ગુનામાં તકસીરવાર ઠરાવવા પુરતો નથી તેમ આ અદાલતનુ માનવુ છે.

**(૧૫)** ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવાના ભાગરૂપે આંક–૦૭ થી પંચસાહેદ હાકમશા ગુલામશા શેખ નાઓને તથા આંક– ૨૮ થી પંચસાહેદ મામદ ખમીશા કકલ નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમના પુરાવામાં આંક–૦૮ વાળા બનાવવાળી જગ્યાના પંચનામામાં પોતાની સહી હોવાનું સ્વીકાર્યા સિવાય અન્ય કોઈ ફળદાયી હકીકત જણાવેલ નથી. પંચસાહેદો તેમના પુરાવામાં પંચનામાની હકીકતને સમર્થનકારક પુરાવો આપતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા સાહેદો જાહેર કરી, વિ.એ.પી.પી.શ્રીને સાહેદની ઉલટ તપાસ કરવાની તક આપવામાં આવેલ પરંતુ ત્યારબાદ પણ તેઓએ પંચનામાને સમર્થનકારી કોઈ પુરાવો આપેલ નથી. આરોપી પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પંચસાહેદોએ હકીકત કબુલ રાખેલ છે કે, તૈયાર લખેલા પંચનામામાં સહી કર્યા સિવાય તેઓ બીજું કાંઈ જાણતા નથી. પોલીસે તેમની હાજરીમાં કોઈ પંચનામું કરેલ નથી.

**(૧૬)** આમ, સદર પંચસાહેદોનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, પંચસાહેદ તેમની જુબાનીમાં માત્ર પંચનામા માં તેમની સહી ઓળખી બતાવી રજુ રાખેલ હોય અને પંચનામાની સમગ્ર હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલ ન હોઇ, આંક–૦૮ વાળું પંચનામું પુરવાર થયેલાનું માની શકાય નહી.

**(૧૭)** ફરીયાદ પક્ષે આંક – ૩૪ થી સદર ગુનાની તપાસ કરનાર અમલદારશ્રી હે.કો. સેંધાજી લાખાજી પરમાર નાઓને તપાસેલ છે. ત. ક. અમલદારશ્રીએ તેઓએ કરેલ તપાસને અનુરૂપ પુરાવો આપેલ છે અને આરોપી વિરુદ્ધ પુરતા પુરાવા હોઈ નામ. કોર્ટ સમક્ષ ચાર્જશીટ કરેલ હોવાનો પુરાવો આપેલ છે. સદરહુ કામે ફરીયાદ પક્ષે અગત્યના સાહેદ એવા ફરીયાદી

તથા અન્ય સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં, તેઓએ હાલના આરોપીને તેઓ વિરુદ્ધ આક્ષેપાયેલ ગુનામાં સાંકળી શકાય તેવો સીધો, સચોટ, સ્પષ્ટ અને વિશ્વસનીય પુરાવો આપેલ ન હોઈ ત્યારે તપાસ કરનાર અમલદારના પુરાવા ના આધારે આરોપીને તકસીરવાર ઠરાવી શકાય નહી તેમ આ અદાલતનુ માનવુ છે.

**(૧૮)** ઉપરોકત ચર્ચા અનુસાર આ કામે ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ પુરાવા ઉપરથી ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ તથા ગુનાના આવશ્યક તત્વો પણ આરોપીઓ વિરૂધ્ધ પુરવાર થતા ન હોય મુદ્ધા નં. (૧) નો નિર્ણય નકારમાં આપી મુદ્ધા નં.(૨) નાં પ્રત્યુતરરૂપે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આ કામનાં આરોપી **મયુરસિંહ ઉર્ફે મયુરધ્વજસિંહ બહાદુરસિંહ જાડેજા** નાઓને સી.આર.પી.સી.ની કલમ – ૨૪૮(૧) અન્વયે ઈ.પી.કોડની કલમ–૨૯૪(ખ), ૪૪૭ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સી.આર.પી.સી.ની કલમ – ૪૩૭(૧) ની જોગવાઈઓ મુજબ આરોપીએ રૂા.૫,૦૦૦/–(અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૯/૦૬/૨૦૨૬

અંજાર, કચ્છ.

**(આસીફ આબીદહુસૈન ખેરાદાવાલા)**
બીજા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અંજાર–કચ્છ.
(કોડ – જીજે ૦૧૨૮૨)

//ડી.ડી.ચૌધરી//